# યેદિયુરપ્પા વિરુદ્ધ સીબીઆઈ તપાસની ભલામણ

નવી દિલ્હી,તા.૨૦

કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા માઈનીંગ કૌભાંડમાં ફસાઈ ગયા છે. સુપ્રીમ કોર્ટ તરફથી રચવામાં આવેલી કમેટીએ યેદિયુરપ્પાની સામે સીબીઆઈ તપાસની ભલામણ કરી દીધી છે. કમેટીએ પોતાના અહેવાલમાં જણાવ્યુ છે કે યેદિયુરપ્પાએ માઈનીંગ લિઝ ફાળવણી કરવામાં ભારે ગેરરિતી આચરી ચુકયા છે. અલબત્ત યેદિયુરપ્પાએ આ સમનમાં ટિપ્પણી કરીને કહ્યુ છે કે કમેટી માત્ર ભલામણ કરી શકે છે. સુપ્રીમ કોર્ટ આ સમનમા અંતિમ નિર્ણય કરશે. સૂત્રોના જણાવ્યા મુજબ કમેટીએ ભૂતપૂર્વ મુખ્યમંત્રીના ટ્રસ્ટોને મની ટ્રાન્સફરની ચકાસણીની પણ ભલામણ કરી છે. પીવી જય કૃષ્ણનના નેતૃત્વમાં બનેલી પેનલે પોતાનુ અહેવાલ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસએચ કાપડિયાની બનેલી બેંચને સોંપી દીધી છે. સુપ્રીમ કોર્ટની ઉચ્ચ સ્તરીય પર્યાવરણ

### યેદિયુરપ્પા સકંજામાં....

- કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પા સકંજામા
- યેદિયુરપ્પા સામે સીબીઆઈ તપાસની ભલામણ
- યેદિયુરપ્પાએ માઈનીંગ લિઝની ફાળવણી કરતી વેળા ભારે અનિયમિતતા દાખવી હતી
- કમેટી માત્ર ભલામણ કરી શકે છે તેવી યેદિયુરપ્પાની દલીલ
- સુપ્રીમ કોર્ટની હાઈ પાવર્ડ કમેટીએ મુખ્યમંત્રીના ટ્રસ્ટોને મની ટ્રાન્સફરની તપાસની પણ ભલામણ કરી
- જય કૃષ્ણનનના નેતૃત્વમાં પેનલે પોતાનો અહેવાલ કાપડિયાને સોંપ્યો
- યેદિયુરપ્પાના એક સંબંધી દ્વારા સ્થાપિત કરાયેલી પ્રેરણા એજ્યુકેશન સોસાયટીની સાઉથ વેસ્ટ માઈનીંગ લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૧૦માં ૧૦ કરોડનુ દાન મળ્યુ હતુ
- તમામ કનેક્શનમાં તપાસ કરવા સીબીઆઈને પેનલે ભલામણ કરી
- યેદિયુરપ્પા સામે આગામી દિવસે મુશ્કેલ રૂપ રહેશે

પેનલે આજે તત્કાલિન મુખ્યમંત્રી યેદિયુરપ્પા દ્વારા મંજૂર કરવામાં આવ્યા બાદ કર્ણાટકમા મોટા પાયે ગેર કાયદે માઈનીંગ પ્રવૃત્તિમાં સીબીઆઈ તપાસની ભલામણ કરી છે. આ ભલામણની સાથે યેદિયુરપ્પાની તકલીફમાં વધારો થયો છે. પૈનલે સુપ્રીમ કોર્ટને ભલામણ કરી છે કે માઈનીંગ કંપની દ્વારા કરવામાં આવેલી ચુકવણીના સીબીઆઈ તપાસ થવી જોઈએ ભૂતપૂર્વ મુખ્યમંત્રીના સગા સંબંધીઓની માલિકીની બે કંપનીઓને જંગી નાણા ચુકવવામાં આવ્યા હતા. ચીફ જસ્ટિસ એસ એચ કાપડિયાના નેતૃત્વમાં વન્ય બેંચ સમક્ષ તેની ભલામણમાં કમેટીએ આ ચુકવણી અને માઈનીંગ લિઝને ગ્રાન્ટ વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ તેમા તપાસની પણ માંગ કરી છે. યેદિયુરપ્પાના શાસન દરમિયાન પ્રવીણ ચંદ્રનામની એક વ્યક્તિને માઈનીંગ લિઝ મંજૂર કરવામાં આવ્યા બાદ આને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. સેન્ટ્રલ એમપાવર કમેટી (સીઈસી)એ કર્ણાટકમાં જંગી ગેરકાયદે માઈનીંગના આક્ષેપોના સંબંધમા તપાસ કરવા ભલામણ કરી છે. અન્ય જે પરિબળો ઉપર પૈનલે વાત કરી છે તેમાં જિંદાલ ગ્રુપ સામે કરવામાં



આવેલા આક્ષેપોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મોટા પ્રમાણમાં ગેરકાયદે માઈન પ્રવૃત્તિનો સમાવેશ થાય છે. પૈનલે કહ્યુ છે કે બેંગલોર ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા પ્રાપ્તિમાંથી જમીન ડી નોટીફાઈડના કેસોમાં તપાસ થવી જોઈએ. સીઈસી દ્વારા અન્ય શ્રેણીબદ્ધ ભલામણો પણ કરવામાં આવી છે. સીઈસીએ કહ્યુ છે કે યેદિયુરપ્પાના નજીકના સંબંધી દ્વારા રચવામાં આવેલી પ્રેરણા એજ્યુકેશન સોસાયટીને માર્ચ ૨૦૧૦ દરમિયાન ૧૦ કરોડની કિંમતનુ દાન મળ્યુ હતુ. સાઉથ વેસ્ટ માઈનીંગ લિમિટેડ તરફથી આ દાન મળ્યુ હતુ. સાઉથ વેસ્ટ માઈનીંગ લિમિટેડ જિંદાલગ્રુપની એક કંપની છે આમા જણાવવામાં આવ્યુ છે કે આ રકમ ગેરકાયદે રીતે આવી હોવાના આક્ષેપો પહેલાથી જ થઈ ચુક્યા છે. પૈનલે આ તમામ લીંકમાં તપાસ કરવા સીબીઆઈને કહ્યુ છે. પૈનલની ભલામણ સાથે જ યેદિયુરપ્પા ઉપર સંકજો વધુ મજબૂત બની રહ્યો છે. તેમની તકલીફ ઓછી થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. યેદિયુરપ્પાને કૌભાંડના કારણે રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. યેદિયુરપ્પા થોડાક દિવસ પહેલા સુધી ફરી મુખ્યમંત્રી બનવા માટે જોરદાર દબાણ લાવી ચુકયા છે. ભાજપ હાઈકમાન્ડે તેમની વાત સ્વીકારી નથી.

# પહેલી મેથી પ્લેટફોર્મ ટિકીટની કિંમત વધીને રૂપિયા પાંચ

નવી દિલ્હી,તા.૨૦

૧લી મેથી પ્લેટફોર્મ ટિકીટની કિંમત વધીને રૂપિયા પાંચ થઈ જશે. રેલવે યાત્રી ભાડામાં વધારો કરવામાં આવ્યા બાદ દેશભરમાં ભારે હોબાળો મચી જતા રેલવે પ્રધાન તરીકે દિનેશ ત્રિવેદીને રાજીનામું આપી દેવા ફરજ પડી હતી. આખરે નવા રેલવે પ્રધાન તરીકે મુકુલ રોયે સ્થિતિને સામાન્ય બનાવીને મોટાભાગના વર્ગમાં યાત્રી



ભાડામાં વધારાને પરત ખેંચી લેવાની જાહેરાત કરી હતી. જો કે પ્લેટફોર્મ ટિકીટની કિંમતમાં કરવામાં આવેલા વધારા તરફ કોઈનું ધ્યાન ગયું ન હતું જેથી હવે ૧લી મેના દિવસથી પ્લેટફોર્મ ટિકિટની કિંમત વધીને રૂપિયા પાંચ થઈ જશે. પ્લેટફોર્મ ટિકીટ તરફ કોઈનું ધ્યાન ન જતાં તેમાં કરવામાં આવેલા જંગી વધારાને લઈને કોઈ હોબાળો મચ્યો ન હતો. રેલવે મંત્રાલય દ્વારા બુધવારના દિવસે એક પરિપત્ર જારી કરીને નિર્ણયને અમલી બનાવવા સૂચના આપી હતી.

તત્કાલીન રેલવે પ્રધાન દિનેશ ત્રિવેદીએ રજૂ કરેલા રેલવે બજેટમાં પ્લેટફોર્મ ટિકીટની કિંમતમાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. દિનેશ ત્રિવેદીએ ૧લી મેથી પ્લેટફોર્મ ટિકીટ રૂપિયા પાંચમાં આપવા તમામ જનરલ મેનેજરોને સૂચના આપી હતી.

પ્લેટફોર્મ ટિકીટની કિંમત રૂપિયા પાંચમાં ઉપલબ્ધ બને તેની ખાતરી કરવા ખાસ સૂચના આપવામાં આવી હતી. હાલમાં પ્લેટફોર્મ ટિકીટની કિંમત રૂપિયા ત્રણ છે. નવી હિલચાલથી ટિકીટ કિંમત રૂપિયા પાંચ થઈ જશે.

# ભારતે અગ્નિ-પના પરિક્ષણ કર્યા બાદ ચીનની ઊંઘ હરામ

ન્યૂયોર્ક,તા.૨૦

ભારતે અગ્નિ-પના પરિક્ષણ કર્યા બાદ ચીનની ઊંઘ હરામ થઈ ગઈ છે. ભારત દ્વારા મિસાઈલ પરિક્ષણના એક દિવસ બાદ ચીને હવે પરમાણુ નિશસ્ત્રીકરણ અને પરમાણુ સુરક્ષાના મામલા પર સાથે મળીને કામ કરવા આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી છે. પરમાણુ શસ્ત્રોના ફેલાવાને રોકવા માટે કામ કરવા પણ ચીને રજૂઆત કરી છે. ભારતે લાંબા અંતરની પરમાણુ સક્ષમ બેલાસ્ટીક મિસાઈલનું પરિક્ષણ કર્યા બાદ ચીને આ મુજબની પ્રતિક્રિયા આપી છે. પરમાણુ બિનપસારવાદ અંગે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની મિટીંગમાં ચીનના કાયમી પ્રતિનીધિ લી બાઓ ડોન્ગે કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય સમુદાયને આ સંબંધમાં સંકલન અને સહકાર વધારવાની જરૂર છે. પડકારોને પહોંચી વળવા સાથે મળીને

### ચીનની ચિંતામાં વધારો

- ભારતના અગ્નિ-પના મિસાઈલના પરીક્ષણ બાદ ચીનની ચિંતા વધી
- અગ્નિ-પ ચીનના મોટાભાગના વિસ્તારોમાં આવરી લેવામાં સક્ષમ
- ચીનના નિષ્ણાંતો મુજબ મિસાઈલની રેન્જ ૮૦૦૦ કિલોમીટર સુધી ત્રાટકવાની છે
- વિશ્વના દેશોની નારાજગીને ટાળવા અને વિશ્વના દેશોની ચિંતા ન વધારવાના હેતુસર ભારતે જાણી જોઈને મિસાઈલની રેન્જ ૫૦૦૦ હોવાની વાત કરી છે
- ચીનના લશ્કરી નિષ્ણાંતોએ અભિપ્રાય વ્યક્ત કર્યો
- ઈન્ટરકોન્ટીનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલની રેન્જ હમેશા વધારે રહે છે

આગળ વધવું જોઈએ. આંતરરાષ્ટ્રીય પરમાણુ સુરક્ષાને વધારવાની જરૂરિયાત ઉપર પણ તેઓએ ભાર મૂક્યો હતો. પરમાણુ શસ્ત્રોની નાબૂદીની વાત કરતા તેમણે કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવી રાખવા માટે પરમાણુ શસ્ત્રો નાબૂદ થાય તે અતિ જરૂરી છે. ચીને આ સંબંધમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ તેની ભૂમિકા ભજવે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. લીએ ચિંતાના ઘણા મામલાઓને ઉલ્લેખ કરતા કહ્યું હતું કે પરમાણુ શસ્ત્રો પર અંકુશ મૂકવાના ક્ષેત્રમાં હકારાત્મક પગલાં જરૂરી બની ગયા છે. આંતરરાષ્ટ્રીય સમુદાયના પ્રયાસોથી શસ્ત્ર નિયંત્રણના ક્ષેત્રમાં ફાયદો થઈ શકે છે. વિશ્વના ઘણા દેશો પરમાણુ શસ્ત્રો વિકસીત કરવાની પ્રક્રિયામાં લાગેલા છે જે ખતરનાક છે. પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગના જુદા જુદા દેશોના અધિકારોનું સન્માન થવું જોઈએ. તેમણે કહ્યું હતું કે પરમાણુ સુરક્ષાના વૈજ્ઞાનિક અને તર્કસંગત પાસાઓને જાળવી રાખવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. હજુ સુધી ચીને આવી કોઈ પ્રતિક્રિયા આપી ન હતી પરંતુ ભારતે અગ્નિ-પના મિસાઈલ પરીક્ષણ બાદ ચીનની ચિંતામાં વધારો થયો છે.

# ફરજ દરમ્યાન નશામાં રહેતા પાઈલોટની સંખ્યા ત્રણ ગણી વધી

નવી દિલ્હી,તા.૨૦

તાજેતરના સમયમાં શરાબના નશામાં ઝડપાયેલા પાઈલોટો અને કેબિનક્રુના સભ્યોની સંખ્યા વધી છે. જેથી વિમાની યાત્રા સામે પણ નવા પ્રશ્નો ઉભા થયા છે. આ દુષણને રોકવા માટે વધુ કઠોર ટેસ્ટ અને જંગી દંડની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. શરાબી પાઈલોટો અને ક્રુની સંખ્યામાં ત્રણ ગણુ વધારો હાલના દિવસોમાં નોંધાયો છે. ફરજ ઉપર હોવાની સ્થિતિમાં નશામાં જણાયેલા લોકોની સંખ્યામાં ત્રણ ગણો વધારો ચિંતા ઉપજાવે છે. જાન્યુઆરી-માર્ચના ત્રિમાસીક ગાળામાં આ સંખ્યા ખૂબ વધી છે. મળેલી માહિતી મુજબ આ વર્ષે ૪૫ પાઈલોટો અને કેબિન ક્રુ શારબના નશામાં ઝડપાઈ ગયા છે. જ્યારે ૨૦૧૧માં આ સંખ્યા માત્ર ૧૫ હતી. જ્યારે શ્વાસ માટેની ટેસ્ટ આપવામાં નિષ્ફળ ગયેલા પાઈલોટોની સંખ્યા ચારથી વધીને ૧૪ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે કેબિન ક્રુની સંખ્યા આ વર્ષે જ જાન્યુઆરી-માર્ચમાં ૧૧થી વધીને ૩૧ સુધી પહોંચી છે. વર્ષ ૨૦૧૧માં આ આંકડો ઓછો હતો. ઉડ્ડયન સત્તાવાળાઓએ દુષણને રોકવા અને વિમાની યાત્રાને વધુ સુરક્ષિત બનાવવા કઠોર નિયમો અમલી બનાવ્યા હતા. સાથે સાથે ટેસ્ટ પણ કઠોર કર્યા હતા. ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણીના ગાળા દરમિયાન મોટા પાયે શ્વાસના ટેસ્ટ લેવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં ક્રુ મેમ્બરો એ વખતે પોઝેટિવ આવ્યા હતા. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) દ્વારા હવે ત્રણ મહિના માટે પાઈલોટોના લાઈસેન્સ સસ્પેન્ડ કરી દીધા છે. નશાની હાલતમાં પ્રથમ વખત જણાવનાર પાઈલોટોના લાઈસેન્સ ત્રણ મહિના માટે રદ્દ કરવામાં આવ્યા છે. જ્યારે બીજી વખત આવી હાલમાં પકડાઈ જનાર પાઈલોટોને પાંચ વર્ષ માટે તેમના લાઈસેન્સ ગુમાવી દેવા પડે છે. આનો મતલબે એ થયો કે પાઈલોટોને ખૂબ જ સાવધાની રાખવાની જરૂર છે.

# અણણા-રામદેવ આરપારની લડાઈ સાથે મળીને જ લડશે

નવી દિલ્હી,તા.૨૦

જનલોકપાલ, ભ્રષ્ટાચાર અને કાળાનાણાની સામે જુદી જુદી રીતે ઝુંબેશ ચલાવી રહેલા યોગ ગુરુ બાબા રામદેવ અને સામાજિક કાર્યકર અણણા હજારે હવે એક સાથે આંદોલન ચલાવશે. દિલ્હીમાં આજે આયોજિત એક પત્રકાર પરિષદમાં બાબા રામદેવે કહ્યુ હતુ કે પહેલી મેંથી તેઓ છત્તીસગઢમાં અને અણણા હજારે મહારાષ્ટ્રથી આંદોલન શરૂ કરશે. ત્રીજી જૂનના દિવસે અણણા અને રામદેવ એક જ દિવસે સાંકેતિક અનશન કરશે. પહેલી મેથી અણણા હજારે મહારાષ્ટ્રમાં શિરડીથી પોતાના આંદોલનની શરૂઆત કરશે. જ્યારે બાબા રામદેવ છત્તીસગઢના દુર્ગમાંથી આંદોલનની શરૂઆત કરશે. અણણાએ કહ્યુ છે કે તેમનુ આંદોલન મહારાષ્ટ્રના ૩૫ જિલ્લાઓમાં ચાલશે. બંને આશરે મહિના બાદ ત્રીજી જૂનના



દિવસે દિલ્હીમાં એક સાથે એક જ દિવસે અનશન ઉપર બેસસે. સૂત્રોના જણાવ્યા મુજબ દિલ્હીના અનશનમાં શ્રી શ્રી રવિશંકર પણ સામેલ થઈ શકે છે. આ પ્રસંગે બાબા રામદેવે કહ્યુ હતુ કે ઓગસ્ટથી આરપારની લડાઈ શરૂ થશે. બીજી બાજુ અણણા હજારે કહ્યુ હતુ કે અમે ૨૦૧૪ સુધી લોકોની સતત જાગૃત કરતા રહીશુ. બાબા રામદેવ અને અણણા હજારેના આ સંયુક્ત આંદોલનથી યૂપીએ સરકાર મુશ્કેલીમાં આવી શકે છે. અત્રે નોંધનીય છે કે અણણા હજારે જનલોકપાલ બિલ અને બાબા રામદેવ કાળાનાણાની સામે જંગ છેડી ચુક્યા છે. બંનેની લડાઈ કેન્દ્ર સરકાર સાથે ચાલી રહી છે. ભ્રષ્ટાચાર સામે જંગના કારણે અણણા હજારેની લોકપ્રિયતામાં અનેક ગણો વધારો થયો હતો. અણણાના આંદોલનની સામે ઝૂકી જઈને કેન્દ્ર સરકારે જનલોકપાલ બિલ લાવવાની તૈયારી બતાવી હતી. જો કે હજુ સુધી આ મામલો અધ્ધરતાલ છે કારણ કે રાજ્યસભામાં ગૂંચવણભરી સ્થિતિ પ્રવર્તી રહી છે.

# સેન્સેક્સમાં ૧૩૦ પોઈન્ટનો ફરી ઘટાડો

મુંબઈ,તા. ૨૦

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સમાં ૧૩૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો. આની સાથે જ સેન્સેક્સની સપાટી ૧૭૩૭૪ ઉપર પહોંચી હતી. બીજી બાજુ નિફ્ટી ૪૨ પોઈન્ટ ઘટીને ૫૨૯૧ની નીચી સપાટીએ રહ્યો હતો. આજે દિવસભર દરમિયાન શેરબજારમાં ભારે ઉથલપાથલ રહી હતી. વૈશ્વિક મોરચે જાપાનના નિક્કી ઈન્ડેક્સમાં ફરી ઘટાડો રહ્યો હતો. નિક્કી ૦.૩ ટકા ઘટીને ૯૫૬૧ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. બીએસઈ કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં બે ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૯૮૭૪ રહી હતી. પાવર, રીયાલિટી, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં કારોબાર દરમિયાન ઘટાડો રહ્યો હતો. બીએસઈ ઓટો



ઈન્ડેક્સમાં ફ્લેટ સ્થિતી રહી હતી. જેથી તેની સપાટી ૧૦૭૫૩ નોંધાઈ હતી. મારૂતિ સુઝુકીમાં ફ્લેટ સ્થિતી રહી હતી. માર્કેટ હેવીવેઈટ રીલાયન્સના શેરમાં ૧.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આરઆઈએલમાં પણ ઉથલપાથલ જોવા મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રીઝર્વ બેંકે હાલમાં તેની નાણાંકીય નિતી સમીક્ષામાં રેટમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. બજારને આશા હતી તેના કરતા પણ વધારે કાપ આરબીઆઈએ મુક્યો હતો. ત્યારબાદથી બેંકો રેટમાં સતત ફેરફાર કરી રહી છે. આરબીઆઈના પગલાના લીધે શેરબજારમાં નવી આશા જાગી છે. રેટમાં કાપ મુકાતા લોન સસ્તી થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

# અમિતાભે પોતાની પૌત્રીને પોલીયોની દવા પીવડાવી

મુંબઈ,તા. ૨૦

પલ્સ પોલીયો નાબૂદી અભિયાનના ભાગરૂપે અમિતાભ બચ્ચન એમ્બેસેડર તરીકે ભૂમિકા અદા કરી રહ્યા છે. અમિતાભ બચ્ચને આ બાબતનું પણ ધ્યાન રાખ્યું છે કે પોલીયો રસીકરણનું કામ તેમના ઘરમાં બાકી ન રહી જાય આ જ કારણસર અમિતાભ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે અમિતાભ બચ્ચને અભિષક બચ્ચન અને ઐશ્વર્યા રાયની પુત્રી અંગે વાત કરતા કહ્યું હતું કે તેઓએ પોતે તેમની માસૂમ પૌત્રીને પોલીયોની દવા પીવડાવી છે. અમિતાભે એમ પણ કહ્યું હતું કે સતત ત્રીજા વર્ષે પોલીયોના કોઈપણ કેસ સપાટી ઉપર ન આવે

**સતત ત્રણ વર્ષ સુધી પોલીયોના કોઈ કેસ નહીં બને તેની ખાતરી કરવા સાવધાની જરૂરી છે : અમિતાભ બચ્ચન**



તેની ખાતરી કરવી જોઈએ. હજુ માત્ર એક જ વર્ષ પૂરો થયો છે. બાકીના બે વર્ષ સુધી પોલીયોના કોઈપણ કેસ ન બને તે જરૂરી છે. કોઈપણ કેસ ત્રણ વર્ષ સુધી નહીં બનવાની સ્થિતિમાં ભારત મોટી સિદ્ધિ મેળવી લેશે અને સંપૂર્ણપણે પોલીયો મુક્ત દેશ તરીકે જાહેર થશે.

બચ્ચને પોતાની પૌત્રીને પણ પોતાની હાજરીમાં પણ પોલીયોની દવા પીવડાવી હોવાની માહિતી મળી છે. અમિતાભ બચ્ચન વર્ષ ૨૦૦૫થી યુનિસેફના પોલીયો ઝુંબેશના સદ્ભાવના દૂત તરીકે છે. ગુરુવારના દિવસે રોટરી ઈન્ટરનેશનલ દ્વારા પોલીયો જાગૃતતા અભિયાન હેઠળ યોગદાન આપવા બદલ અમિતાભ બચ્ચનને સન્માનિત કરવા

બેટી બીને પોલીયોની દવા પીવડાવાના સમાચારને લઈને અમિતાભના ચાહકોમાં ઉત્સુકતા છે. તાજેતરના સમયમાં મોટાભાગના દંપતીઓ ખાનગી હોસ્પિટલોમાં બાળકોને રસી અપાવે છે તેવા સમયમાં અમિતાભે પોલીયોની રસી કાર્યક્રમ હેઠળ પીવડાવીને નવો દાખલો બેસાડ્યો છે.

# કેકેઆરની પાર્ટીમાં ખેલાડી ૩૭ લિટર શરાબ પી ગયા

ચંદીગઢ,તા.૨૦

બોલિવુડ સ્ટાર શાહરૂખ ખાનની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સની કિંગ્સ ઈલેવન પંજાબ પર જીત બાદ ભવ્ય પાર્ટીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ નાઈટ પાર્ટીમાં ખેલાડીઓ ૩૭ લિટર શરાબ પી ગયા હતા. આ પાર્ટી ચંદીગઢની એક હોટલમાં યોજાઈ હતી. દુનિયાભરના લોકોને શરાબનુ એક પ્રમાણ પટિયાળા પેગ નામ આપનાર ચંદીગઢની એક હોટલમાં આ પાર્ટી યોજાઈ હતી. પ્લેયર્સની સાથે શાહરૂખ ખાન પણ પાર્ટીમાં સામેલ થયા હતા. કિંગ્સ ઈલેવન પંજાબની માલિક પ્રીતિ ઝિંટા અને ટીમના બાકીના ખેલાડીઓ પણ પાર્ટીમા પહોચ્યા હતા. પાર્ટીમાં માત્ર શરાબ ઉપર જ લાખો રૂપિયાનો ખર્ચ કરવમા આવ્યો હતો. પાર્ટીમાં ૫૦ વર્ષ જુની સ્કોચ



શરાબ પણ આપવામાં આવી હતી. આના ૩૦ એમએલ પેગની કિંમત ૪૦ હજાર રૂપિયા હતી. ૭૫૦ એમએલની સમગ્ર બોટલની કિંમત ૧૪ લઆખ રૂપિયા હતી. આ સ્કોટલેન્ડમાં મેન્યુફેક્ચર કંપની પાસેથી વિનંતી કરવામાં આવ્યા બાદ જ મળી શકે છે. આની ખૂબ ઓછી માત્રા પાર્ટીમાં ઉપલબ્ધ બને છે. આ ઉપરાંત પાર્ટીમાં મેક્સિકન અને જાપાનની બ્રાન્ડની શરાબ પણ ઉપલબ્ધ કરવવામાં આવતા પાર્ટીની રોમાચંકતા વધી ગઈ હતી. એમ માનવામા આવે છે. રાતભર ચાલેલી આ પાર્ટીમાં ખેલાડીઓએ બીયર સહિત જુદા જુદા બ્રાન્ડની આશરે ૩૭ લિટર શરાબ પી કાઢી હતી. જે ખેલાડી શરાબ પીતા નથી તેમના માટે એનર્જી ડ્રીંકની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાર્ટીમાં બ્રેટ લી, બ્રેન્ડન મેક્કુલમ, જેક કાલિસ જેવા વિદેશી ખેલાડીઓની સાથે સાથે અન્ય ખેલાડીઓ પણ સામેલ હતા. પાર્ટીમાં સામેલ થયેલા લોકોને કહેવુ છે કે આ પાર્ટી ભવ્ય રીતે ચાલી હતી. શાહરૂખ ખાન પણ વિશેષ રીતે ઉપસ્થિત રહ્યો હતો. અને પાર્ટીની મજા માણી હતી.

# આઈપીએસ ઓફિસર સંજીવ ભટ્ટ સામે કાર્યવાહી પર સ્ટે

નવી દિલ્હી,તા.૨૦

વર્ષ ૨૦૦૨ની ગુજરાત કોમી હિંસા સાથે સંબંધિત મામલાઓમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો આજે ફટકો પડ્યો હતો. કારણ કે નરેન્દ્ર મોદી સામે ખોટી રીતે જુબાની આપવા એક કોન્સ્ટેબલને ફરજ પાડવા બદલ ગુજરાત સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં આઈપીએસ ઓફિસર સંજીવ ભટ્ટ સામે કાર્યવાહી ઉપર સુપ્રીમ કોર્ટે આજે મનાઈ હુકમ મૂક્યો હતો.

ગુજરાત સરકારે સંજીવ ભટ્ટ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. ગુજરાત સરકારે તેની ચાર્જશીટમાં આક્ષેપ કર્યો હતો કે સંજીવ ભટ્ટે એમ કહેવાની કોન્ટેબલને ફરજ પાડી હતી કે ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે મુખ્યમંત્રીના નિવાસ સ્થાને મળેલી મિટીંગમાં ભટ્ટ હાજર હતા. આ મિટીંગમાં જ નરેન્દ્ર મોદીએ ગોધરા હત્યાકાંડ બાદ ફાટી નીકળેલી હિંસા દરમિયાન કોમવાદી ટોળા સામે ધીમી ગતિએ આગળ વધવા પોલીસને સૂચના આપી હતી. વર્ષ ૨૦૦૨ની હિંસાં તપાસ કરનાર અને સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી ખાસ તપાસ ટીમની તપાસ દરમિયાન મોટાભાગની ચોંકાવનારી જાહેરાતો ભટ્ટ તરફથી જ કરવામાં આવી હતી. ભટ્ટે આક્ષેપ કર્યો હતો કે નરેન્દ્ર મોદીએ હિન્દુઓને મુસ્લિમો સામે તેમની નારાજગી વ્યક્ત કરવા તક આપવા સૂચના આપી હતી. ગોધરામાં હત્યાકાંડ બાદ નરેન્દ્ર મોદીએ મુસ્લિમો સામે નારાજગી વ્યક્ત કરવાની સૂચના આપી હતી તેવા ભટ્ટના આક્ષેપ બાદ ભારે હોબાળો મચી ગયો હતો. ભટ્ટ સામે ગુજરાત સરકારે આખરે ઊંડી તપાસ હાથ ધરી હતી. ગુજરાત સરકાર અને સંજીવ ભટ્ટ આમને સામને આવી ગયા હતા. સંજીવ ભટ્ટના આક્ષેપોથી મોદી સરકારની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો હતો. કોંગ્રે સહિતના ઘણા રાજકીય પક્ષો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ આ મામલાઓમાં તપાસ કરવા અપીલ કરી હતી.

સંજીવ ભટ્ટને પણ આક્ષેપો કરાયા બાદ ઊંડી તપાસનો સામનો કરવાની ફરજ પડી હતી. તેમના આક્ષેપોમાં પણ તપાસ કરવામાં આવી હતી. સંજીવ ભટ્ટે સુપ્રીમ કોર્ટ સમક્ષ પણ રજૂઆત કરી હતી.

# બિહારમાં લઠ્ઠાકાંડમાં ચારના મોતથી તંત્રમાં ભારે ભાગદોડ

પટણા,તા. ૨૦

બિહારના અરવાલ જિલ્લામાં આજે લઠ્ઠાકાંડના કારણે ચાર લોકોના મોત થતા ભારે સનસનાટી મચી ગઈ છે. આ ઉપરાંત અન્ય બેને આની અસર થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે શાંતિપુરમ ધર્મપુરમ ગામમાંથી આ લોકોએ દેશી શરાબની દુકાનથી શરાબની ખરીદી કરી હતી. લગ્ન કાર્યક્રમમાં હાજરી આપી પર્ફોર્મ કરીને આ ટીમ પરત ફરી રહી હતી ત્યારે શરાબની ખરીદી કરી હતી. પોલીસે આ અંગે માહિતી આપતા કહ્યું છે કે શરાબ પીધા બાદ તેમના પેટમાં દુખાવાની શરૂઆત થઈ ગઈ હતી. તેમને ઉલ્ટીઓ થવા લાગી હતી. અસર થયા બાદ તમામને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ ચારના મોત થયા હતા. સમગ્ર મામલે પોલીસ અને વહીવટીતંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી.

આ સંબંધમાં કોઈની ધરપકડ હજુ સુધી કરવામાં આવી નથી. પોલીસે શોધખોળ હાથ ધરી છે. અસર પામેલાઓની સંખ્યા વધારે હોઈ શકે છે તેવી માહિતી પણ પોલીસને મળી છે.